પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર . ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/ ૨૫૪૨ /૨૦૨૨ તારીખ: ૧૪ /૦૫/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત પંચાયત સેવાના વિવિધ સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૧૫/૦૫/૨૦૨૨ના રોજની સંવર્ગ સમાજ કલ્યાણ નિરીક્ષક કલાક ૧૧/૦૦ થી ૧૨/૩૦ દરમ્યાન પરીક્ષા વડોદરા શહેરના કુલ-૩૮ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. તેમજ સંવર્ગ વિસ્તરણ અધિકારી સહકાર કલાક ૧૬:૦૦ થી ૧૭:૩૦ દરમ્યાન પરીક્ષા વડોદરા શહેરના કુલ-૩૨ પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. જે સ્કુલો / હાઇસ્કુલોમાં લેવામાં આવનાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતિઓ ન થાય, પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરિક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરિક્ષા મુકત ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરિક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, જીલ્લા પંચાયત કચેરી, મહેકમ શાખા, વડોદરા શહેર નાઓના પત્ર ક્રમાંકઃજિ.પં./મહમ/કગ-૨/૪૧૧/૨૦૨૨,તા.૧૩/૦૫/૨૦૨૨ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તાઃ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબરઃ૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓને એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તાઃ૧૫/૦૫/૨૦૨૨ ના રોજ ક.૧૦/૦૦ થી ક.૧૮/૩૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### -: કૃત્યો :-

વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઇસ્કુલ) માં પરિક્ષા લેવાનાર છે જે-તે પરિક્ષા કેન્દ્રોની શાળાઓના પરિક્ષા ખંડની અંદર તાઃ૧૫/૦૫/૨૦૨૨ ના રોજ ક.૧૦/૦૦ થી ક.૧૮/૩૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન,વાયરલેસ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે, ઈલેકટ્રોનીક ઉપકરણો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી, તથા પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી, કે લાઉડ સ્પિકર વગાડી શકશે નહી

### -: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમા આવેલ તમામ પરિક્ષા કેન્દ્રની શાળાઓ/ હાઇસ્કુલની વિગત નિચે મુજબ છે.

## પરિશિષ્ટ-૧ સમાજ કલ્યાણ નિરીક્ષક   કલાક ૧૧/૦૦ થી ૧૨/૩૦ દરમ્યાન

| અ.નં | કેન્દ્ર (સ્કુલનું નામ) | પો.સ્ટેશન |
|---|---|---|
| ૧. | શ્રી અંબે વિધાલય બાપોદ જકાતનાકા વાઘોડીયારોડ | બાપોદ |
| ૨. | સ્વામી વિવેકાનંદ વિધ્યાલય, મહેશ કોમ્પ્લેક્ષપાસે, પરીવાર ચાર રસ્તા, વાઘોડિયા રોડ | પાણીગેટ |
| ૩. | શ્રી વલ્લભ વિધ્યામંદિર, ડભોઇ વાઘોડિયા રીંગરોડ | પાણીગેટ |
| ૪. | શ્રી નારાયણ વિધાલય, વાઘોડિયા ડભોઇ રીંગ રોડ, ગુરુકુળ ચાર રસ્તા | પાણીગેટ |
| ૫. | બરોડા પબ્લિક સ્કુલ, કાન્હા ગોલ્ડની પાછળ, ડિ માર્ટ પાસે, વાઘોડિયા રોડ | પાણીગેટ |
| ૬. | સરદાર વલ્લભ વિધાલય, નવજીવન બસ સ્ટેન્ડ પાસે, આજવારોડ વડોદરા. | બાપોદ |
| ૭. | ગંગાબાઇ સાર્વજનીક હાઇસ્કુલ, છાણી પોલીસ સ્ટેશનની સામે, છાણી | છાણી |
| ૮. | રોશન મેમોરીયલ હાયર સેકન્ડરી સ્કુલ, ફતેગંજ પો.સ્ટે. પાછળ, નવાયાર્ડ | ફતેગંજ |
| ૯. | ગુજરાત પબ્લિક સ્કુલ, છાણી | છાણી |
| ૧૦. | અથર્વ વિધ્યાલય, છાણી કેનાલ પાસે, છાણી | છાણી |
| ૧૧. | સ્વામી વિધ્યાનંદજી વિધ્યાવિહાર, ગીતા મંદિર, પ્રતાપનગર રોડ | વાડી |
| ૧૨ | બરોડા હાઇસ્કુલ સિની. ઓએનજીસી ટાઉનશીપ મકરપુરા રોડ | મકરપુરા |
| ૧૩ | આર.એન્ડ કે.પંડયા વિધાલય, ચિત્તેખાન ગલી, ગેંડીગેટરોડ, માંડવી વડોદરા. | વાડી |
| ૧૪ | શ્રી આર.સી.પટેલ નવયુગ વિધાલય, ચર્ચની પાછળ ફતેગંજ વડોદરા. | સયાજીગંજ |
| ૧૫ | બ્રાઇટ ઇગ્લીંશ મીડીયમ સ્કુલ જે.એમ.પંડયા હોલ પાસે હરણી રોડ | હરણી |
| ૧૬ | સર્વમંગલ વિધ્યાલય, બ્રાઇટ CBSC યુનિટ, મેયો.હોસ્પિટલ રોડ, એરપોર્ટ હરણી | હરણી |
| ૧૭ | લાલબહાદુર શાસ્ત્રી વિધાલય,સંગમ ચાર રસ્તા, હરણીરોડ | કારેલીબાગ |
| ૧૮ | માય સાનેન સ્કુલ, ખોડિયાર નગર, મુખીનગર વી.આઇ.પી.રોડ | બાપોદ |
| ૧૯ | રોયલ હાઇસ્કુલ, કમલા નગર તળાવ પાસે, આજવા રોડ | બાપોદ |
| ૨૦ | સ્વામી વિવેકાનંદ હાઇસ્કુલ અલ્વાનાકા,GIDC કોલોની મકરપુરા વડોદરા. | માંજલપુર |
| ૨૧ | પંચશીલ વિધ્યાલય, અલવાનાકા, GIDC રોડ, માંજલપુર, સરસ્વતી કોમ્પ્લેક્ષ | માંજલપુર |
| ૨૨ | સ્ટેલા મેરી હાઇસ્કુલ, સુવર્ણગંગા વ્રજ ગાર્ડન પાસે, માંજલપુર | માંજલપુર |
| ૨૩ | અંબે વિધાલય શિવમ સોસા., માંજલપુર | માંજલપુર |
| ૨૪ | બરોડા હાઇસ્કુલ, અશોક કોલોની પાસે, દંતેશ્વર | મકરપુરા |
| ૨૫ | ન્યુ એરા હાઇસ્કુલ, નોવિનો બેટરી સામે, મકરપુરા | મકરપુરા |
| ૨૬ | ઉમા વિધ્યાલય, સોમનાથ નગર પાસે, તરસાલી | મકરપુરા |
| ૨૭ | ટી આર પટેલ વિધ્યાલય સરદારનગર છાણી રોડ | ફતેગંજ |
| ૨૮ | વેબ મેમોરીયલ હાઇસ્કુલ, પેન્શનપુરા, નિઝામપુરા | ફતેગંજ |
| ૨૯ | યુનિવર્સિટી એક્ષપેરીમેન્ટલ સ્કુલ, એમ.એસ.યુ. કંપાઉન્ડ, સયાજીગંજ વડોદરા | સયાજીગંજ |
| ૩૦ | મહારાણી કન્યા વિધાલય ઇંગ્લીશ મીડીયમ, દાંડિયા બજાર | રાવપુરા |
| ૩૧ | બરોડા હાઇસ્કુલ બગીખાના, પોલોગ્રાઉન્ડ સામે | નવાપુરા |
| ૩૨ | નવજીવન હાઇસ્કુલ, પોલોગ્રાઉન્ડ સામે, બગીખાન વડોદરા. | નવાપુરા |
| ૩૩ | સયાજી બોઇઝ હાઇસ્કુલ ઘડીયાળી પોળ, માંડવી વડોદરા. | વાડી |
| ૩૪ | શ્રી લાધારામ સ્કુલ, નજરબાગ પાછળ, મહેતા પોળ માંડવી | સીટી |
| ૩૫ | વિધ્યામંદિર વિધ્યાલય હરણી વારસિયા રીંગ રોડ કિશન વાડી | વારસીયા |
| ૩૬ | જલારામ વિધાલય, આર્યકન્યા વિધાલય સામે, કારેલીબાગ વડોદરા | કારેલીબાગ |
| ૩૭ | શારદા મંદિર વિધાલય, વિનોબાભાવે માર્ગ, સલાટવાડા | કારેલીબાગ |
| ૩૮ | શ્રી કૃષ્ણ હિન્દી વિધ્યાલય, હીરાવંતી ચેમ્બેર પાસે, કારેલીબાગ | કારેલીબાગ |

| પરિશિષ્ટ-૨ વિસ્તરણ અધિકારી સહકાર કલાક ૧૬/૦૦ થી ૧૭/૩૦ દરમ્યાન | | |
|---|---|---|
| અ.નં | કેન્દ્ર (સ્કુલનું નામ) | પો.સ્ટેશન |
| ૧. | તેજસ વિધાલય, ઇલોરાપાર્ક, સુભાનપુરા વડોદરા. | ગોરવા |
| ૨. | એલેમ્બિક વિધાલય, રીફાઇનરી રોડ, ગોરવા વડોદરા. | ગોરવા |
| ૩. | સત્યનારાયણ વિધ્યાલય, લક્ષ્મીપુરા રોડ, ગોરવા | ગોરવા |
| ૪. | ટ્રી હાઉસ સ્કુલ, અટલાદરા | માંજલપુર |
| ૫. | ગુજરાત પબ્લિક સ્કુલ, કલાલી ફાટક પાસે, અટલાદરા | માંજલપુર |
| ૬. | બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિધ્યામંદિર, અટલાદરા પાદરા રોડ, નારાયણવાડી સામે | જે.પી.રોડ |
| ૭. | રોઝરી હાઇસ્કુલ પ્રતાપગંજ | સયાજીગંજ |
| ૮. | કોન્વેન્ટ ઓફ જીસીસ એન્ડ મેરી ગર્લ્સ હાઇસ્કુલ, ૨૨ કેમ્પ EME પોસ્ટ ઓફિસ સામે ફતેગંજ | ફતેગંજ |
| ૯. | હિલ મેમોરીયલ હાઇસ્કુલ એમ.એસ.યુ. પેવેલીયન સામે, ફતેગંજ | સયાજીગંજ |
| ૧૦. | શ્રી અંબે વિધાલય બાપોદ જકાતનાકા વાઘોડીયારોડ | બાપોદ |
| ૧૧. | સ્વામી વિવેકાનંદ વિધ્યાલય, મહેશ કોમ્પ્લેક્ષ પાસે, પરીવાર ચાર રસ્તા, વાઘોડિયા રોડ | પાણીગેટ |
| ૧૨ | શ્રી વલ્લ્ભ વિધ્યામંદિર, ડભોઇ વાઘોડિયા રીંગરોડ | પાણીગેટ |
| ૧૩ | શ્રી નારાયણ વિધાલય, વાઘોડિયા ડભોઇ રીંગ રોડ, ગુરૂકુળ ચાર રસ્તા | પાણીગેટ |
| ૧૪ | બરોડા હાઇસ્કુલ, ઓ.એન.જી.સી. ટાઉનશિપ, મકરપુરા | મકરપુરા |
| ૧૫ | સ્વામી વિવેકાનંદ હાઇસ્કુલ અલ્વા નાકા, જી.આઇ.ડી.સી. કોલોની, મકરપુરા | માંજલપુર |
| ૧૬ | બરોડા હાઇસ્કુલ અશોક કોલોની પાસે, દંતેશ્વર | મકરપુરા |
| ૧૭ | ઓક્ઝિલીયમ કોન્વેન્ટ સ્કુલ , સુશેન ચાર રસ્તા પાસે, મકરપુરા રોડ, | માંજલપુર |
| ૧૮ | ડોન બોસ્કો વિધ્યાલય આકાશવાણી પાસે, કબિર કોમ્પ્લેક્ષ પાસે, મકરપુરા રોડ | માંજલપુર |
| ૧૯ | ન્યુ એરા હાઇસ્કુલ નોવીનો બેટરી સામે, મકરપુરા | મકરપુરા |
| ૨૦ | ઉમા વિધ્યાલય, સોમનાથ નગર , તરસાલી | મકરપુરા |
| ૨૧ | શ્રેયસ વિધાલય, અં.મા., રજનીકાંત જાની માર્ગ, માંજલપુર નાકા, માંજલપુર | માંજલપુર |
| ૨૨ | પંચશીલ વિધ્યાલય, જી.આઇ.ડી.સી. રોડ, માંજલપુર | માંજલપુર |
| ૨૩ | સ્ટેલા મેરી હાઇસ્કુલ, સુવર્ણગંગા વ્રજ ગાર્ડન પાસે, માંજલપુર | માંજલપુર |
| ૨૪ | જય અંબે વિધાલય શિવમ સોસા., માંજલપુર | માંજલપુર |
| ૨૫ | એચ.એસ. પટેલ વિધ્યાલય, વિશ્વામિત્રી રોડ, મુંજમહુડા | રાવપુરા |
| ૨૬ | મહારાણી ઇંગ્લીશ મીડીયમ દાંડીયા બજાર | રાવપુરા |
| ૨૭ | મહારાણી કન્યા વિધાલય સુરસાગર સામે | રાવપુરા |
| ૨૮ | બરોડા હાઇસ્કુલ બગી ખાના પોલો ગ્રાઉન્ડ સામે, બગીખાના | નવાપુરા |
| ૨૯ | નવજીવન હાઇસ્કુલ ગ્રાઉન્ડ સામે, બગીખાના | નવાપુરા |
| ૩૦ | પરીવાર વિધ્યાલય, મહાવીરહોલ, આજવા રોડ | પાણીગેટ |
| ૩૧ | સરદાર વલ્લભ વિધ્યાલય, નવજીવન પાસે, આજવા રોડ | બાપોદ |
| ૩૨ | ન્યુ હેવન વિધ્યાલય, વૃદાવન બસ સ્ટેન્ડ પાસે, વાઘોડિયા રોડ | બાપોદ |

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના અધિકૃત અધિકારીઓ પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

## -: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ ઇન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :-૦૪ /૦૫/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

કમિશ્નર ઓફ પોલીસ
વડોદરા શહેર, વડોદરા

(ડી. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/-** સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી